BUSINESS मित्र Plus

ગલ્ફવોર વકરતા એનર્જી-ફર્ટિલાઈઝર-ફુડ સપ્લાય ચેઈન ડિસરપ્શનનો ખતરો

ગલ્ફ વોરને ત્રણ અઠવાડીયા વીતી ગયા છે. ઇરાનની જીવાદોરી સમા તેલક્ષેત્રો અને રિફાઇનરીઓ પર ઇઝરાયેલ-અમેરિકાના હુમલા પછી ઇરાને વળતા હુમલામાં દીખતી ધરાની રણનીતિ અપનાવી છે. કતારનું મોટુ ગેસ ક્ષેત્ર, સાઉદી, કુવૈતની રિફાઇનરીઓ પર હુમલા કર્યા છે. હોરમુઝ ખાડીની નાકાબંધી કરી છે. ગત સપ્તાહે ઇરાને ઇરાનથી 4000 કીમી દૂર અમેરિકા-યુકેના સંયુક્ત થાણા ડિયાગો ગાર્સિયા પર હુમલાનો પ્રયાસસ કર્યો હતો. હુમલાથી નુકસાન તો નથી થયુ પણ ઇરાન પાસે લાંબી રેન્જના મિસાઇલ છે જે લંડન કે પેરિસ સુધી જઇ શકે એવી વાત ઉજાગર જરૂર થઇ છે. 1967માં આરબ દેશોએ વેસ્ટર્નવ દેશોને ક્રુડ વેચવા પર પ્રતિબંધ લગાવ્યો હતો, 1980માં ઇરાનમાં શાહ રિવોલ્યુશન વખતે પણ ક્રુડના ભાવ ભડકે બળ્યા હતા. એ પછી 1990 કુવેત-ઇરાક વોર,

બિરેન વકીલ

2005ની કોમોડિટી સુપરસાયકલ અને છેલ્લે 2022માં રશિયા-યુક્રેન વોર વખતે ક્રુડમાં ભાવ ઉછળ્યા હતા. 2026નો ઓઇલશોક અગાઉના બધા શોક કરતા ઘણો મોટો દેખાય છે. પશ્ચિમિ સરકારોએ બ્રેન્ટ ક્રુડ 120 ડોલર થતા 4 કરોડ ઓઇલ રિઝર્વ સ્ટોક ઠાલવવાથી કામચલાઉ ભાવ ઘટીને 80 થઇ ફરી 112 ડોલર થઇ ગયા છે. નાયમેક્સ અને બ્રેન્ટના ભાવો જોવાનો કોઇ મતલબ નથી. એ તો વાયદાના ભાવ છે. રીઅલ હોરર શો તો ફિઝિકલ બેરલ અને ફિડસ્ટોકમાં દેખાય છે. ઓમાન હાજર ક્રુડ 170 ડોલર, દુબઇ હાજર ક્રુડ 135, યુરોપ જેટ ફ્યુલ 200 ડોલરને પાર નીકળી ગયા છે. લો સલ્ફર ડિઝલના ભાવ યુએસ-રોટરડામ બેસીસના ભાવ 1400 ડોલર પર ટન થઇ ગયા છે. 3 માસ પહેલા 600 ડોલર હતા! હોરમુઝ ક્રાઇસીસ 8-10 દિવસના ના સૂલટે તો

ઓઇલ અને ગેસ પર આધારીત તેમજ નિકાસ પર નભતા સાઉથી એશિયા તેમજ યુરોપ-યુકે જેવા એનર્જી ડિપેન્ડન્ટ દેશોને પણ મોટી આર્થિક મંદીનો સામનો કરવો પડે તેવી હાલત છે.

ઓઇલ શોકનો વિવિધ સેક્ટર પર કેવો પ્રભાવ છે એની ટુંકમાં વાત કરીએ. સૌથી વધારે પ્રભાવીત

શેરબજાર-રુપિયામાં કડાકો, યુરોપ જેટફ્યુલ હાજર 200 ડોલરને પાર : પેટ્રોફિડસ્ટોકમાં રોકેટગામી તેજી

પેટ્રોલિયમ ફિડસ્ટોક માર્કેટ છે. ઇથીલીન ગ્લાયકોલ, ડાઇમિથાઇલ ઇસ્ટર પ્લાસ્ટિક બોટલ ગ્રેડ પીઇટી, પીટીએ, પીવીસી વગેરે કોમોડિટીમાં ચાઇનામાં ધમધોકાર વાયદા ચાલે છે એમાં ભાવો દોઢા-બમણા થઇ ગયા છે. ખાતર માટે મહત્વના એવા નેપ્થા અને કોલસામાં તેજી હોવાથી યુરિયા-ડીએપીમાં તેજી ચાલુ થઇ છે. ફોસ્ફેટ ખાતરો માટે મહત્વના ઘટક સલ્ફરના ભાવો રોકેટ ગતીએ વધ્યા છે એટલે સલ્ફ્યુરીક એસીડમાં તેજી છે. વૈશ્વીક ખાતર કંપનીઓના ભાવ આસમાને છે. અમેરિકામાં ગલ્ફ યુરિયા 3 માસમાં 350થી વધીને 680 ડોલર થયા છે. યુરીયાની તેજી મકાઇના વાવેતર પર દુષપ્રભાવી છે, ફોસ્ફેટ અને ખાતરોની તેજી સોયાબીન-કોટન માટે દુશપ્રભાવી છે. પોટાશ તો પ્લાન્ટ મેનેજર છે એટલે એની વીના એક પણ પાકને ન ચાલે. ફીડસ્ટોક- એનર્જી શોકથી નાનુ મોટું કે સીધુ પરોક્ષ નુકસાન લગભગ બધા અર્થતંત્રો, બધા ઉદ્યોગોને છે. પેટ્રોલ-ડિઝલ-એવીએશન-ગેસ ઓટો, એરલાઇન્સ, હોટેલ, સિરામીક ટાઇલ્સ, શિપિંગને સીધુ નુકસાન કરે છે. ઔદ્રોગિક ડિઝલમાં ભારત સરકારે લીટરે 22 વધાર્યા તો ડિજે માટે જનરેટરનું ડિઝલ મોંઘુ થઇ જાય. સેમીકંડકટર સેકટર હેલીયમ ગેસ પર નિર્ભર છે. ગલ્ફ હેલીયમનું મોટુ ઉત્પાદક યે. હેલીયનની તંગી મોબાઇલ-લેપટોપ-ડેટા સેન્ટર માટે પ્રતિકૂળ છે.

એગ્રીસેકટર- શિપિંગ ડિસરપ્શની કન્ટેનરના ભાડા વધી જતા અને માલની આવન જાવન મેરિટાઇમ સપ્લાય ચેઇન ડિસરપ્શનથી ખાદ્યતેલો- તેલીબીયાં-ખોળ વગેરેમાં ઝડપી તેજી આવી છે. રાયડો એક મહીનામાં 6400થી વધીને 7200, સરસવ કચ્ચીગાણીતેલ 1310થી વધીને 1500, સોયાતેલ નવેમ્બરમાં 122 હતુ તે હાલ 1500 થઇ ગયું છે. પામતેલ-સનફલાવરમાં પણ સ્ટોટક તેજી છે. રાયડાખોળ 2550થી વધીને 2850, સોયાબીન 5300થી વધીને 5800 થઇ ગયા છે. સાઉથી એશિયામાં જૂન-જૂલાઇમાં અલ નીનો આવે અને ઓગષ્ટમાં મજબૂત અલનીનો આવે, ખાતરોની અછત-તેજી પામ-સોયા-મકાઇના ઉતારામાં વીપરીત અસર કરે. હાલ હોરમુઝ જળમાર્ગ રુંધાયેલો છે. એવો જ વ્યહુતામક માર્ગ બાબ-અલ-માન્ડાબ છે. યુરોપથી એશિયા આવનજાવન માટે રેડ સીમાં જવા અહીથી નીકળવું જ પડે. આ પણ 30-35 માઇલ સાંકડો માર્ગ છે. હુથી બળવાખોરો અહી વાઇલ્ડ કાર્ડ છે. જો યુધ્ધ લંબાય અને ક્રુડ 120-150 ઉપર સ્ટેબલ થાય તો આગળ પર ગવાર-એરંડા-દિવેલ-કેસ્ટરખોળમાં પણ ડિમાન્ડ સપ્લાય કેલ્કયુલસ ખોરવાઇ અને અનપેઝિત ઉછાળો આવી શકે.

ફોરેક્સ-ઇક્વીટીની વાત કરીએ તો હાલ ડોલરમાં તેજી છે. સેલ ડોલર બાય એવરીથિંગ ટ્રેડ અવળો પડતા શેરો-સોનાચાંદી-મેટલ-બીટકોઇન-ઇમર્જિંગ કરન્સી તૂટયા છે. ગલ્ફ એરસ્પેસ ડિસરપ્શનથી દુબઇમાં સોનું ડિસ્કાઉન્ટમાં વેચાય છે. નિફ્ટી-ડાઉ-નિકાઇ ઇન્ડેક્સ ડિપ કરેક્શનમાં છે. રૂપિયો 93.71 ઓલટાઇમ લો થયો છે. ફેડે 2026માં ફક્ત એક રેટકટ કહ્યો છે. રેટકટને બદલે કદાચ એકાદ રેટ વધારો કરવો પડશે. યુકેમાં 10 વરસના બોન્ડ યિલ્ડ 15 વરસની હાઇ 5 ટકા થઇ ગયા છે. યુકેમાં ફિસ્કલ ક્રાઇસીસ દેખાય છે. અમેરિકા-યુકે-યુરોપમાં મંદ વિકાસ-વધતી મોંઘવારી યાને સ્ટેગફ્લેશન તોળાય છે, એનર્જી-ક્રુડ-વોર એમ ટ્રિપલ શોક ઇમર્જિંગ કરન્સી-વ્યાજદરો-શેરબજારો માટે નેગેટિવ છે. ભારત માટે સારા સમાચાર એ છે કે ફોરેક્સ બફર સારુ છે. એનર્જી મિક્સમાં સોલાર, વિન્ડપાવર, ન્યુક, ઇથાનોલ કોલસો જેવી વૈકલ્પિક ઉર્જાસ્ત્રોતનો હિસ્સો વધતા ક્રુડ પર અવલંબન સમયાંતરે ઘટશે.

ક્રુડની આગ લાંબી ચાલશે, 2027માં પણ ક્રુડના ભાવ 100 ડોલરની ઉપર રહેશે

બે સપ્તાહથી વધુ સમયથી ચાલી રહેલા પશ્ચિમી એશિયાના યુદ્ધમાં એક નવો વળાંક આવ્યો છે. ઈરાનના સુપ્રીમોના મોત બાદ આ યુદ્ધ પુર્ણ થઇ જવાના અમેરિકા અને ઈઝરાયેલના સપના તૂટી ગયા બાદ ઈરાનના વળતા હુમલાથી આ બંને દેશ સ્તબ્ધ થઇ ગયા છે. જેથી તેઓ ઈરાનને ઘુંટણીયે પાડવા માટે નીત નવી રીત અપનાવી રહ્યા છે. જોકે, હજુય સુધી સફળતા મળી નથી. જેથી ઈઝરાયેલ દ્વાર ઈરાનના મોટા ગેસ ફીલ્ડ પર હુમલો કર્યો હતો અને ઈરાનના ગેસ ફીલ્ડને મોટું નુકશાન થયું હતું, જે હુમલા સામે ઈરાનના વળતા પ્રહારથી સમગ્ર વિશ્વ હચમચી ગયું છે. ઈરાને ખાડી દેશોના ઓઈલ-ગેસ ફીલ્ડસ પર હુમલા કરવા માંડ્યા હતા. આ હુમલાથી વિશ્વ સ્તબ્ધ થઈ ગયું હતું અને ગઈકાલે કતાર સહિત અનેક ઓઈલ ફીલ્ડ બંધ કરી દેવામાં આવી છે.

ઈઝરાયેલના હુમલાના વળતા પ્રહારથી ક્રુડ અને ગેસની આયાત કરનારા દેશો હચમચી ઉઠ્યા હતા અને તેઓએ ગેસ-ઓઈલ ફીલ્ડ પર હુમલા નહીં કરવા માટે આજીજી કરી રહ્યા છે. ભારત સહિત અનેક દેશોના સર્વોચ્ચ નેતાઓની વાતચીત શરૂ થઈ હતી અને તેઓ આ યુદ્ધમાં ગેસ-ઓઈલ ફીલ્ડ પર હુમલા કરીને નુકશાન નહીં કરવા વિનંતી કરી રહ્યા છે. ઓઈલ ફીલ્ડને નુકશાન થશે અને ક્રુડ ઓઈલની અછત સર્જાશે તો વિશ્વના અનેક દેશોનું અર્થતંત્ર થંભી જશે. આ દરમ્યાન અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગલ્ફના એનર્જી મથકો પર હુમલા નહીં કરવા ઈરાનને તાકીદ કરી છે, નહીંતર ઈરાનના ગેસ ફીલ્ડને ઉડાવી દેવાની ધમકી આપી છે. આમ, આ યુદ્ધ એ નવો વળાંક લીધો છે અને ઓઈલ-ગેસ ફીલ્ડોને ટાર્ગેટ કરી રહ્યા છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધમાં સૌથી વધુ ખાનાખરાબી ખાડી

દેશોને થઈ રહી છે. ઈરાન દ્વારા આ ખાડી દેશોના ઓઈલ-ગેસ ફીલ્ડોને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા હોવાથી મોટા ભાગના દેશોએ પોતાના ઓઈલ

ઓઈલ-ગેસ ફીલ્ડ પર હુમલાથી વિશ્વ સ્તબ્ધઃ બ્રેન્ટ ક્રુડના ભાવ 2008ની સપાટી કુદાવી શકે છે

ફીલ્ડને શટડાઉન કરી દીધા છે અને નવું ઉત્પાદન બંધ કરી દીધું છે. જેના લીધે ક્રુડના નવા ઉત્પાદન ઉપર અસર પડશે, જેથી ક્રુડના ભાવ 60થી 65 ડોલર બોલાતા હતા, તે ડબલ થઈ ગયા છે અને 115થી 120 ડોલરની વચ્ચે બોલાતા જોવા મળી રહ્યા છે. જો આ યુદ્ધ લાંબુ ચાલશે તો ક્રુડના ભાવ 150 ડોલરને વટાવી દે તો નવાઇ નહીં.

આ સ્થિતિ હાલની યુદ્ધની પરિસ્થિતિને લીધે છે. પણ એક વાર ગેસ ફીલ્ડ શટડાઉન થયા બાદ તેના પુનઃ પ્રોડકશન માટે કવાયત હાથ ધરવી પડશે અને તે લોંગ પ્રોસીજર ફોલો કરવી પડતી હોય છે, તેથી આ ઉત્પાદનને પુનઃ પ્રાપ્ત કરતા સમય લાગશે. આશરે 2થી 3 મહિનાના સમયમાં પુનઃ પુરવઠો પ્રાપ્ત થઈ શકે તેવું જાણકારો કહી રહ્યા છે.

ઈઝરાયેલ અને અમેરિકાની અપેક્ષા કરતા ઈરાન વધુ લાંબી લડાઈ લડી રહ્યું છે અને જે લડાઈ લાંબી ચાલી શકે છે, તેથી હાલની સ્થિતિએ કંઈ પણ કહેવું યોગ્ય નથી. જેની સીધી અસર વિશ્વના અર્થતંત્રો ઉપર પડશે. જે માત્ર 2026 પુરતું સીમિત નહીં રહે, તેની અસર 2027માં પણ પડશે.

વૈશ્વિક રેટિંગ એજન્સીઓએ 2026ના વર્ષ દરમ્યાન ક્રુડના ભાવ ઉંચા રહેશે તેવી ભવિષ્યવાણી કરી દીધી છે અને હવે 2027માં પણ ક્રુડના ભાવ ઉંચા રહેવાનું અનુમાન કરી રહ્યા છે. ગોલ્ડમેન સાક્સના કહેવા અનુસાર ઓઈલના પુરવઠામાં અગાઉના મોટા આંચકાઓ ચાલુ રહેવાની સંભાવના દર્શાવે છે કે ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલ ઉપર રહી શકે છે.

ગોલ્ડમેન સાક્સના અહેવાલ અનુસાર એપ્રિલથી ક્રુડ ઓઈલનો પુરવઠો ધીમે ધીમે સુધરશે. 2026ના ચોથા ક્વાર્ટર સુધીમાં બ્રેન્ટના ભાવ 70 ડોલરના સ્તર પર આવી જશે. પણ તેણે ચેતવણી આપી હતી કે ઈરાન યુદ્ધ તેણે ચેતવણી પણ આપી હતી કે ઈરાન યુદ્ધ અને હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવા અંગેની અનિશ્ચિતતાને કારણે લાંબાગાળાના દ્રષ્ટિકોણના જોખમો વધારે છે. જો ઉત્પાદન ક્ષમતાને નુકશાન થાય છે તો સપ્લાય લાંબા સમય સુધી મર્યાદિત થઈ શકે છે. જોકે, ઓપેક સપ્લાય ફરી શરૂ થાય ત્યારે વધારાની ક્ષમતાનો ઉપયોગ કરે તો ઉત્પાદન વધી શકે છે.

જ્યાં સુધી હોર્મુઝની સામુદ્રધુનિમાંથી

કરન્ટ-ટોપિક

પુરવઠો મર્યાદિત રહેશે, ત્યાં સુધી તેલના ભાવ વધારો ચાલુ રહેવાની સંભાવના છે. જેથી બ્રેન્ટના ભાવ 2008ની ઉંચી સપાટીને પણ વટાવી શકે છે. યુએસ નિકાસ પર પ્રતિબંધ મુકવાના જોખમોમાં કોઈપણ વધારો બ્રેન્ટ અને ડબલ્યુટીઆઈના ભાવના તફાવતને વધુ પહોળો કરી શકે છે. બીજી તરફ, આ યુદ્ધ શાંત પડે અને ઈરાન હોર્મુઝ ખાડીમાંથી ક્રુડને પસાર થવા દેવા માટે ટોલ ઉઘરાવી શકે છે. જો ટોલ ઉઘરાવશે તો કાયમી ધોરણે એક નવો ખર્ચ ઉમેરાશે અને ઈરાન ઈચ્છે ત્યારે મનમાની કરીને તેમાં વધારો કરી શકે છે. જે એક વધારાનો બોજ પડી શકે છે.

2025નું વર્ષ ડી બિયર્સ માટે ઈતિહાસના સૌથી મુશ્કેલ વર્ષોમાંનું એક રહ્યું

અમેરિકા દ્વારા 2025માં ભારતીય ઉત્પાદનો પર લાદવામાં આવેલી 50% ટેરિફ (આયાત જકાત) ની અસર હીરા ઉદ્યોગ અને ખાસ કરીને ડી બિયર્સ (De Beers) ગ્રુપના વેપાર પર ખૂબ જ ગંભીર અને દૂરોગામી રહી છે. ભારત પર 50% અમેરિકન ટેરિફની વ્યાપક અસર જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગની વિશ્વની સૌથી મોટી રફ ડાયમંડ સપ્લાયર કંપનીના વેપાર પર પડી છે.કોવિડ કાળ પછી વર્ષ 2025 માં કંપનીએ હીરા,ઝવેરાત વેચાણમાં મોટો ઘટાડો જોયો છે.વર્ષ 2025 ના વેપાર માટે ડી બીયર્સ ગ્રુપ દ્વારા વિશેષ એહવાલ જાહેર કરવામાં આવ્યો છે.

આ એહવાલમાં જણાવવામાં આવ્યું છે કે," ઉદ્યોગ સતત, ભૂરાજકીય અને ટેરિફ અનિશ્ચિતતા વચ્ચે 2025 દરમિયાન રફ ડાયમંડ ટ્રેડિંગની સ્થિતિ પડકારજનક રહી. વર્ષ દરમિયાન મોટા, ઉચ્ચ-ગુણવત્તાવાળા હીરાની માંગ મજબૂત થઈ, પરંતુ અન્ય ઉત્પાદકો તરફથી વધતા પુરવઠાને કારણે નાના અને નીચી-ગુણવત્તાવાળા હીરાની માંગ પર દબાણ આવ્યું. વર્ષની શરૂઆતમાં પોલિશ્ડ હોલસેલ હીરાના ભાવમાં સ્થિરતાના સંકેતો જોવા મળ્યા હતા, પરંતુ ભારતીય નિકાસ પર યુએસ ટેરિફ લાગુ થયા પછી આ વ્યાપાર ભાવના ઝડપથી નબળી પડી હતી. ભારત ક્રુદરતી હીરા માટે મુખ્ય કટિંગ સેન્ટર રહ્યું છે અને યુએસ હીરાના ઝવેરાત માટેનું સૌથી મોટું અંતિમ બજાર રહ્યું છે.

કંપનીના એહવાલ મુજબ ડી બિયર્સના વેપાર અને આવક પર અસર ડી બિયર્સ માટે વર્ષ 2025 પડકારોથી ભરેલું રહ્યું હતું.

ડી બિયર્સ ગ્રુપે 2025માં 511 મિલિયન યુએસ ડોલરનું નુકસાન (Underlying EBITDA loss) નોંધાવ્યું છે. આ નુકસાન માટે મુખ્યત્વે અમેરિકી ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતાને જવાબદાર ગણવામાં આવી છે.રફ હીરાની માંગમાં ઘટાડોઃ ભારત વિશ્વના 90% થી વધુ હીરાનું કટિંગ અને પોલિશિંગ કરે છે. અમેરિકામાં 50% ટેરિફ લાગુ થતા ભારતીય ઉત્પાદકોએ રફ હીરાની ખરીદી ઘટાડી દીધી, જેના કારણે ડી બિયર્સના 'સાઇટહોલ્ડર્સ' (નિયમિત ખરીદદારો) એ ઓગસ્ટની સાઇટમાં મોટા જથ્થામાં માલ લેવાનો ઇનકાર કર્યો હતો. વેલ્યુએશનમાં ઘટાડોઃ ડી બિયર્સની પેરેન્ટ કંપની એંગ્લો અમેરિકન (Anglo American) એ ડી બિયર્સનું મૂલ્ય 9.1 બિલિયન ડોલરથી ઘટાડીને માત્ર 2.3 બિલિયન ડોલર કરી દીધું છે.સપ્લાય ચેઇનમાં પણ અવરોધ નોંધાયો

ભારત અને અમેરિકા વચ્ચેના હીરાના વેપારમાં ભારત 'મેન્યુફેક્ચરિંગ હબ' છે અને અમેરિકા 'સૌથી મોટું કન્ઝ્યુમર માર્કેટ' છે.

નિકાસમાં મોટો ઘટાડો, એપ્રિલથી ડિસેમ્બર 2025 દરમિયાન ભારતની અમેરિકા ખાતેની હીરા અને ઝવેરાતની નિકાસમાં 44.4% થી 60% જેટલો મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

ટેરિફ લાગુ થતા પહેલા ઘણા વેપારીઓએ અમેરિકામાં સ્ટોક ભેગો કરી લીધો હતો, પરંતુ ઓગસ્ટ પછી નવા માલની સપ્લાય ચેઇન ખોરવાઈ ગઈ હતી. ડી બિયર્સના સીઈઓ અલ કૂકે (Al Cook) નોંધ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેના આ ટેરિફ યુદ્ધને કારણે સમગ્ર ઇન્ડસ્ટ્રીમાં 'પરફેક્ટ સ્ટોર્મ' (ભયંકર મુશ્કેલી) જેવી સ્થિતિ સર્જાઈ હતી.

કિંમતો પર અસર જોવા મળી

પોલિશ્ડ હીરાના ભાવઃ ટેરિફના કારણે અમેરિકામાંઉપલબ્ધ હીરાની કિંમતોમાં વધારો થયો, જ્યારે ભારત જેવા ઉત્પાદક કેન્દ્રોમાં માલ ભરાઈ રહેવાને કારણે રફ હીરાની કિંમતોમાં 40% સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

LGD (લેબ-ગ્રોન ડાયમંડ) નો વધારોઃ નેચરલ હીરા પરની 50% ડ્યુટીને કારણે ગ્રાહકો લેબ-ગ્રોન હીરા તરફ વળ્યા હતા, જેણે ડી બિયર્સના નેચરલ હીરાના વેપારને વધુ નુકસાન પહોંચાડ્યું હતું.

સુરતના હીરા ઉદ્યોગમાં કામ કરતા લાખો રત્નકલાકારોની આજીવિકા પર અસર પડી હતી. નિકાસ ઘટવાથી અને ઓર્ડર રદ થવાથી ઉત્પાદન એકમોએ ઉત્પાદન કાપ મૂકવો પડ્યો હતો. અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારતીય વેપારીઓએ ચીન (જ્યાં લગ્ન દરમાં ઘટાડાને કારણે પહેલેથી જ મંદી હતી), યુરોપ અને રશિયા જેવા વૈકલ્પિક બજારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

ફેબ્રુઆરી 2026માં ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરાર (Interim Trade Agreement) મુજબ, લૂઝ (Loose) ડાયમંડ પરની ડ્યુટી ઘટાડીને 0% અને જ્વેલરી પર 18% કરવાની

જાહેરાત કરવામાં આવી છે. આનાથી 2026માં ફરીથી વેપાર પાટા પર આવવાની આશા જાગી છે.

2025નું વર્ષ ડી બિયર્સ માટે ઇતિહાસના સૌથી મુશ્કેલ વર્ષોમાંનું એક રહ્યું, જેમાં 50% ટેરિફે તેની આવક, બજાર હિસ્સો અને હીરાની વૈશ્વિક કિંમતો પર સીધી નકારાત્મક અસર પાડી હતી.

છૂટક સ્તરે ક્રુદરતી હીરાની માંગ મજબૂત સાબિત થઈ, જોકે લેબ (પ્રયોગશાળા)માં તૈયાર કરવામાં આવતા હીરાના છૂટક વેચાણ પર અસર ચાલુ રહી છે. યુ.એસ.માં, ઉચ્ચ-અંતિમ શ્રેણીઓમાં મજબૂત પ્રદર્શને વર્ગીકરણના નીચલા સ્તરે ઘટેલી માંગને મોટાભાગે સરભર કરી. ચીનમાં માંગ શાંત રહી ત્યારે ભારતે મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું.

ખાણકામ કામગીરીએ નીચા ઉત્પાદન સ્તરે મજબૂત કામગીરી પ્રદાન કરી, કારણ કે વ્યવસાયે પ્રવર્તમાન માંગ અનુસાર ઉત્પાદન

બિઝનેસ વ્યૂ

કર્યું. પરિણામે, રફ હીરાનું ઉત્પાદન 12% ઘટીને 21.7 મિલિયન કેરેટ (૨૦૨૪: ૨૪.૭ મિલિયન કેરેટ) થયું.

બોત્સ્વાનામાં, ઉત્પાદન 16% ઘટીને 15.1 મિલિયન કેરેટ (2024: 17.9મિલિયન કેરેટ) થયું, જેમાં ઓરાપા ખાતે આયોજિત ઘટાડા, જેમાં વિસ્તૃત જાળવણી ડાઉનટાઇમ અને લેથલહાકેન ટેઇલિંગ્સ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સંભાળ અને જાળવણીમાં સંક્રમણનો સમાવેશ થાય છે 2024 માં જ્વાનેંગ ખાતે ઉત્પાદન સ્તર ઘટાડવા માટે પહેલાથી જ લેવામાં આવેલા પગલાં પર આધારિત છે.

નામિબિયામાં ઉત્પાદન 7% ઘટીને 2.1 મિલિયન કેરેટ (2024: 2.2 મિલિયન કેરેટ) થયું, જે કોરલ સી અને ગ્રાન્ડ બેંક્સ જહાજોના ડિકમિશન દ્વારા ડેબમારીન નામિબિયા ખાતે આઉટપુટ ઘટાડાને કારણે થયું, જે ઉચ્ચ-ગ્રેડ ઓર અને નામદેબ ખાતે સુધારેલ પુનઃપ્રાપ્તિ દ્વારા આંશિક રીતે સરભર થયું.

દક્ષિણ આફ્રિકામાં, વેનેશિયા ખાતે ઉત્પાદન ગયા વર્ષના 2.2 મિલિયન કેરેટ (2024: 2.2 મિલિયન કેરેટ) ની નીચી સપાટીએ રહ્યું, કારણ કે ભૂગર્ભ પ્રોજેક્ટ તાજેતરમાં પુનઃરૂપરેખાંકિત યોજના અનુસાર આગળ વધ્યો હતો.

કેનેડામાં ઉત્પાદન 7% ઘટીને 2.2 મિલિયન કેરેટ (2024: 2.4 મિલિયન કેરેટ) થયું, જે મુખ્યત્વે નીચલા-ગ્રેડના ઓરના આયોજિત ઉપચારને કારણે થયું.

પડકારજનક રફ ડાયમંડ ટ્રેડિંગ પરિસ્થિતિઓ યથાવત રહી, કુલ

ભારત પર 50% અમેરિકન ટેરિફની વ્યાપક અસર ડી બીયર્સ ગ્રુપના હીરા,ઝવેરાત વેચાણ પર પડી. નિકાસમાં મોટો ઘટાડો નોંધાયો

આવક $3.5 બિલિયન (2024: $3.3 બિલિયન) રહી, જેમાં $3.0 બિલિયન (2024: $2.7 બિલિયન) ના રફ ડાયમંડ વેચાણનો સમાવેશ થાય છે. કુલ રફ ડાયમંડ કોન્સોલિડેટેડ વેચાણ વોલ્યુમ 20.9 મિલિયન કેરેટ (2024: 17.9 મિલિયન) વૈશ્વિક સ્તરે ડી બીયર્સના ઉત્પાદન હિસ્સા સાથે વ્યાપકપણે સુસંગત હતું કારણ કે વ્યવસાય માંગનો અનુભવ કરતા વિસ્તારોમાં સપ્લાય કરતો હતો.

આખા વર્ષના સંયુક્ત સરેરાશ પ્રાપ્ત ભાવ 7% ઘટીને $142 પ્રતિ કેરેટ (2024: $152 પ્રતિ કેરેટ) થયા, જે મુખ્યત્વે સરેરાશ રફ પ્રાઇસ ઇન્ડેક્સમાં 12% ઘટાડો અને સ્ટોક રિબેલેન્સિંગ પહેલ (જેમાં ઓછી માંગવાળા વર્ગીકરણ ઓછા ભાવે વેચાય છે) ની અસરને કારણે થયા, જે આંશિક રીતે ઉચ્ચ મૂલ્યના પથ્થરોની મજબૂત માંગ દ્વારા સરભર થયું. સરેરાશ રફ પ્રાઇસ ઇન્ડેક્સ રિબેલેન્સિંગ પહેલની અસરને પ્રતિબિંબિત કરતું નથી. સ્ટોક રિબેલેન્સિંગ કાર્યવાહીની અસર સહિત સમકક્ષ ભાવ સૂચકાંકમાં ઘટાડો વાર્ષિક ધોરણે 25% ઘટાડો હશે.

નીચા સરેરાશ રફ પ્રાઇસ ઇન્ડેક્સ અને સ્ટોક રિબેલેન્સિંગ પહેલની કમાણી પર નોંધપાત્ર અસર પડી, જેના પરિણામે $511 મિલિયન (2024: $25 મિલિયનનું નુકસાન) નું અંતર્ગત EBITDA નુકસાન થયું. આ મુખ્યત્વે ટ્રેડિંગ વ્યવસાયમાં સ્ટોક રિબેલેન્સિંગ પહેલની અસરને કારણે હતું, જેના દ્વારા બેલેન્સ શીટ પરનો સ્ટોક જે ઊંચા ભાવે ખરીદવામાં આવ્યો હતો, તે પછીથી નોંધપાત્ર રીતે ઓછા અસરકારક ઇન્ડેક્સ પર વેચાયો જેના કારણે $424 મિલિયન (2024: $50 મિલિયનનું નુકસાન) નું ટ્રેડિંગ નુકસાન થયું. વધુમાં, પાછલા વર્ષે $127 મિલિયનના નોન-ડાયમંડ રોયલ્ટી અધિકારના એક વખતના વેચાણથી પણ ફાયદો થયો.

યુનિટ ખર્ચ 8% ઘટીને $86/ct થયો, જેમાં રફ હીરાના ઉત્પાદનમાં ઘટાડો સમગ્ર કામગીરીમાં ખર્ચ ઘટાડવાની પહેલ દ્વારા સરભર કરવામાં આવ્યો.

મૂડી ખર્ચ 34% ઘટીને $353 મિલિયન (2024: $536 મિલિયન) થયો, જે વેનેશિયા ભૂગર્ભ જીવન વિસ્તરણના પુનર્ગઠન અને સ્ટે-ઇન-બિઝનેસ મૂડીખર્ચ ખર્ચના તર્કસંગતકરણ સાથે રોકડ જાળવણીના પગલાંને પ્રતિબિંબિત કરે છે. ક્રુદરતી હીરા અને લેબોરેટરીમાં તૈયાર કરવામાં આવતા હીરા વચ્ચે ગ્રાહકની પસંદગીમાં વધુ ફેરફાર અને પ્રવર્તમાન માંગની તુલનામાં ઉપલબ્ધ રફ હીરાના સરપ્લસને કારણે, અગાઉ કરતાં ઓછી આગાહી કરાયેલ કિંમતો દ્વારા પ્રેરિત, ખાસ વસ્તુઓ અને પુનઃમાપનમાં એંગ્લો અમેરિકનના ડી બીયર્સના વહન મૂલ્યમાં $2.3 બિલિયન (કર અને બિન-નિયંત્રક હિતો પહેલાં) (2024: $2.9 બિલિયન) ની ક્ષતિ ઓળખવામાં આવી છે.

ડી બીયર્સે 2025 માં તેની ઓરિજિન્સ વ્યૂહરચનાની ડિલિવરી ચાલુ રાખી, જેમાં ક્રુદરતી હીરા માટેની ગ્રાહક ઇચ્છાને પુનર્જીવિત કરતી વખતે વ્યવસાયને સુવ્યવસ્થિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.મુખ્ય હાઇલાઇટ્સમાં લુઆન્ડા એકોર્ડ પર હસ્તાક્ષર કરવાનો સમાવેશ થાય છે (જે ક્રુદરતી હીરા માટે સરકાર-ઉદ્યોગ માર્કેટિંગ પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે); યુએસ અને ભારતમાં નવા, મોટા પાયે ક્રુદરતી હીરા માર્કેટિંગ ઝુંબેશ શરૂ કરવી; અને Tracr ટ્રેસેબિલિટી પ્લેટફોર્મ દ્વારા સમર્થિત એક નવી બ્રાન્ડેડ પોલિશ્ડ ડાયમંડ ઓફરિંગ, ORIGIN De Beers Group, લોન્ચ કરવી, જે છૂટક સ્તરે De Beers Groupના જવાબદારીપૂર્વક મેળવેલા હીરાને અલગ પાડે છે.

ડી બીયર્સે વર્ષ દરમિયાન તેની બ્રાન્ડ પોર્ટફોલિયો વ્યૂહરચનાને પણ આગળ ધપાવી, જેમાં ડી બીયર્સ લંડને એક નવી ઓળખનું અનાવરણ કર્યું, દુબઈ અને માન્ચેસ્ટરમાં નવા ફ્રેન્ચાઇઝ સ્ટોર્સ ખોલ્યા અને જાન્યુઆરી 2026 માં પેરિસમાં તેનું ફ્લેગશિપ ખોલ્યું છે. ફોરએવરમાર્ક તેના ભૂતપૂર્વ વૈશ્વિક લાઇસન્સ પ્રાપ્ત મોડેલને બંધ કરીને ભારતમાં પ્રીમિયમ ડી બીયર્સ-માલિકીની જ્વેલરી રિટેલ બ્રાન્ડ તરીકે તેનું ઉત્ક્રાંતિ ચાલુ રાખી.વ્યવસાયે તેના બહુ-વર્ષીય ખર્ચ ઘટાડા લક્ષ્યાંકને પૂર્ણ કર્યો, સુવ્યવસ્થિત વ્યૂહરચના દ્વારા $100 મિલિયનથી વધુ સંચિત ઓવરહેડ ખર્ચ બચત પ્રાપ્ત કરી.

બજારનો અંદાજ કહે છે કે,"નજીકના ગાળામાં વેપારની સ્થિતિ પડકારજનક રહેવાની ધારણા છે. સતત મેક્રો-આર્થિક અસ્થિરતા, મધ્ય પ્રવાહમાં રૂઢિચુસ્ત ઇન્વેન્ટરી મેનેજમેન્ટ અને પ્રયોગશાળામાં ઉગાડવામાં આવતા હીરાના પ્રવેશને કારણે નજીકના ગાળામાં રફ હીરાની માંગ મર્યાદિત થવાની ધારણા છે. મ